રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઈ-ન્યૂઝલેટર અંક નં. ૨૬ જુન-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ

## રાજકોટની વસતિ :-

- પ્રારંભિક વસતિ : ૬,૦૦૦
- ઈ.સ. ૧૯૦૧માં ૩૬,૦૦૦
- ઈ.સ. ૧૯૫૧માં ૧.૩૧ લાખ
- ઈ.સ. ૧૯૮૧માં ૪.૪૪ લાખ
- ઈ.સ. ૧૯૯૧માં ૫.૫૦ લાખ
- ઈ.સ. ૨૦૦૧માં ૧૦ લાખ
- ઈ.સ. ૨૦૧૧માં ૧૩.૪૬ લાખ
- ઈ.સ. ૨૦૨૧ની વસતિ ગણતરી હવે થશે.
- અંદાજ પ્રમાણે હાલ રાજકોટની વસતિ ૧૬ લાખની આસપાસ હોઇ શકે.

# રાજકોટની હદ વધી



## રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજકોટ મનપાની હદમાં મોટામવા, મુંજકા, ઘંટેશ્વર, માધાપર સાથે મનહરપુર, ગામતળના સમાવેશ માટેનું નોટીફીકેશન

ગુજરાત સરકારશ્રી દ્વારા રાજયનાં ઝડપી અને ગુણવત્તાસભર વિકાસ માટે લેવામાં આવી રહેલા અનેકવિધ પગલાં પૈકી એક એવા તા.૧૮–૦૬–૨૦૨૦ના એક મહત્વપૂર્ણ નિર્ણયમાં રાજકોટ શહેરની હદનું વિસ્તરણ કરી શહેરના વિકાસને વધુ વેગ આપવામાં આવ્યો છે. રાજકોટમાં નવા ભળેલા ગામો પૈકી મોટામાવા ૬.૯૧ ચો.કી.મી., મુંજકા ૭.૪૮ ચો.કી.મી, ઘંટેશ્વર ૮.૨૪. ચો.કી.મી., માધાપર ૧૦.૦૨ ચો.કી.મી. મળી કુલ ક્ષેત્રફળ ૩૨.૬૫ ચો.કી.મી. વધશે જેના કારણે હાલના શહેરના ૧૨૯.૨૧ ચો.કી.મી. ક્ષેત્રફળમાં વધારો થશે અને હવે કુલ ૧૬૧.૮૬ ચો.કી.મી. ક્ષેત્રફળ થયું છે.


તમામ ગામોની વસ્તીમાં મોટામવામાં કુલ ૫૭૫૯, મુંજકા ગામમાં કુલ ૩૪૮૩, ઘંટેશ્વરમાં કુલ ૫૮૭૪, માધાપર ગામમાં ૧૬૩૪૮ એમ કુલ ૩૧૪૬૪ વસ્તીનો ઉમેરો કરતા ૨૦૧૧ ની વસ્તી ગણતરીના અનુસંધાને શહેરની કુલ ૧૩,૭૭,૬૫૬ વસ્તી થશે.

રાજકોટની ભગોળ આવેલ ગામો તથા તેના વિસ્તારમાં શહેરના જ નાગરિકો વસે છે. તેમોને પણ શહેરની જેમ પ્રાથમિક સુવિધાઓને વિકાસના કામોનો લાભ મળે તેવા આશયથી રાજકોટ મહાનગરપાલિકા ના જનરલ બોર્ડ ઠરાવ નં.૪૪ તા.૧૮–૧૨–૨૦૧૯ના રોજ મહાનગરપાલિકાની હદને લાગુ મોટામવા, મુંજકા, ઘંટેશ્વર તથા માધાપર સાથે મનહરપુર ગામતળનો સમાવેશ માટે મંજુર કરવામાં આવેલ. જેના અનુસંધાને રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા તા.૧૮–૬–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની હદમાં ઉક્ત ગામોનો સમાવેશ માટેનું નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું હતું. ભવિષ્યમાં ઉપરોક્ત વિસ્તારમાં રહેતા નગરજનો ને સુવિધા મળતી થશે.




“નવા ભળેલા ગામોનો હવે ઝડપી વિકાસ થશે.”

– શ્રી બિનાબેન આચાર્ય
માન. મેયરશ્રી, રાજકોટ.



“લોકોને આધુનિક સુવિધાઓનો લાભ પ્રાપ્ત થશે.”

- શ્રી ઉદયભાઇ કાનગડ
સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, રા.મ્યુ.કો.



“રાજકોટને મેટ્રો સિટી બનાવવા ભણી એક મહત્વનું કદમ.”

- શ્રી ઉદિત અગવાલ
કમિશનરશ્રી, રા.મ્યુ.કો.

## નવી ભળેલ ગ્રામ પંચાયતોનું રેકર્ડ, મિલકત, વાહનો-સાધનો કબજે લેવા નોડલ ઓફિસરો નિયુક્ત

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની હદમાં તા.૨૨–૬–૨૦૨૦ના રોજ ૦૪ ગ્રામ પંચાયત વિસ્તાર (૧) મોટા મવા, (૨) મુંજકા, (૩) ઘંટેશ્વર અને (૪) માધાપર (મનહરપુર–૧ સહીત) નો સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રામ પંચાયતના તમામ રેકર્ડ, તમામ સ્થાવર જંગમ મિલકતો, તમામ વાહનો–સાધનોનો કબજો સંભાળવા માટે ગ્રામ પંચાયત દીઠ નોડલ ઓફિસરશ્રીની નિમણુંક કરવાનો મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે હુકમ કરેલ અને તેના પગલે અધિકારીઓએ જરૂરી કાર્યવાહી કરી હતી.

## રાજકોટમા નવા ભળેલા ગામોને કામચલાઉ ધોરણે જે તે વોર્ડમાં સમાવી વોર્ડ નંબર નિયત કરાયા


રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૨૦–૬–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકામા ભેળવવામાં આવેલ મોટા મવા, મુંજકા, ઘંટેશ્વર અને માધાપર (મનહરપુર–૧ સહિત)ના નવા સીમાંકન ના થાય ત્યાં સુધી મહાનગરપાલિકા દ્વારા કામચલાઉ ધોરણે જે તે વોર્ડનું વિસ્તરણ કરી મોટા મવા ને વોર્ડ નં.૧૦, મુંજકા ને વોર્ડ નં.૯, ઘંટેશ્વર ને વોર્ડ નં.૧ અને માધાપર (મનહરપુર–૧ સહિત)ને વોર્ડ નં.૨ તરીકે કરવામાં આવેલ છે. આ હુકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે.

## રાજકોટની હદનું વિસ્તરણ

- ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. સૌરાષ્ટ્ર રાજયની સ્થાપના થઇ, અને રાજકોટને પાટનગરનો દરજ્જો પ્રાપ્ત થયો. એ સમયે ઠાકોર સાહબનું રાજકોટ ને સદર વિસ્તાર એકબીજામાં ભળી ગયેલ, ને અખંડ રાજકોટ બન્યું. આ રીતે રાજકોટની હદ પ્રથમ વખત આઝાદી બાદ તુર્ત જ વધી એમ કહેવાય.
- ઠાકોર સાહેબનું રાજકોટ અને સદર વિસ્તાર ભેળવી ઓર્ડીનન્સ નં. ૧૦, સૌરાષ્ટ્ર આજ્ઞાપત્રિકા તા.૨૮-૬-૧૯૪૯ની પ્રસિધ્ધિ અનુસાર રાજકોટ બરો મ્યુનિસિપાલિટીની સ્થાપના થઇ, ત્યારે જનરલ બોર્ડમાં ૩૫ લોકનિયુક્ત સભ્યો હતા.
- જુન-૧૯૯૮માં રૈયા, નાનામવા અને મવડી રાજકોટમાં ભળતા શહેરનું ક્ષેત્રફળ ૬૯ ચો.કી.મી.થી વધીને ૧૦૪.૮૬ ચો.કી.મી. થયું. જાન્યુ.-૨૦૧૫માં કોઠારીયા અને વાવડી ગામ રાજકોટમાં ભળતા શહેરનું ક્ષેત્રફળ ૧૨૭.૨૧ ચો.કી.મી. થયું.
- તા.૧૮-૦૬-૨૦૨૦ના રોજ મોટામવા, મુંજકા, ઘંટેશ્વર અને માધાપર (મનહરપુર-૧ સહીત) રાજકોટમાં ભળ્યાને રાજકોટનું ક્ષેત્રફળ વધીને ૧૬૧.૮૬ ચો.કી.મી. થયું છે.

# જુન માસ, 'મેલેરિયા વિરોધી માસ' :

## મેલેરિયા વિશે જાણીએ તથા સ્વયંને તથા પરીવારને મેલેરિયાથી સુરક્ષિત કરીએ. તાવ આવે તો નજીકના આરોગ્ય કેન્દ્રો પર તપાસ તથા સારવાર વિનામુલ્યે કરાવો








મેલેરિયા એ ઠંડી સાથે ચઢ ઉતરીયા તાવ અને માથાના દુઃખાવાના લક્ષણો ધરાવતો રોગ છે. ક્યારેક અચાનક તાવ આવે ફરી વખત જતો રહે તેવાં શરૂઆતી પરિબળો ધરાવે છે. ઘણાં ગંભીર કિસ્સામાં બેભાન અથવા કયારેક મૃત્યું પણ થઈ શકે છે. મેલેરિયા એ સંભવિતપણે જીવન માટે જોખમરૂપ પરોપજીવી રોગ છે. તે પ્લાસ્મોડીયમ વાઈવેક્સ (પી. વાઈવેક્સ), પ્લાસ્મોડીયમ ફાલ્સિથેરમ(પી. ફાલ્સિથેરમ), પ્લાસ્મોડીયમ મેલેરી (પી. મેલેરી), પ્લાસ્મોડીયમ ઓવેલી (પી. ઓવેલી) ના નામે ઓળખાતા પરોપજીવીઓથી થાય છે. માનવ મેલેરિયાના પરોપજીવીઓના બે પ્રકાર છે, પ્લાસ્મોડીયમ વાઈવેક્સ અને પી. ફાલ્સિથેરમ. ભારતમાં સામાન્યપણે બંને પ્રકાર નોંધાય છે. પી. ફાલ્સિથેરમનો ચેપ મેલેરિયાનું સૌથી ઘાતક સ્વરૂપ છે.

આ રોગ ઉપ સહારા આફ્રિકા અને એશિયાના અધિકાંશ વિસ્તારો સહિત ભૂમધ્ય રેખાની આસપાસ ઉષ્ણ કટિબંધ અને સમશીતોષ્ણ કટિબંધ ના વિસ્તારોમાં બહોળા પ્રમાણમાં જોવા મળે છે. ભારતમાં આ રોગ વર્ષ દરમ્યાન ફેલાયેલો રહે છે. તેમ છતાં, વર્ષાઋતુ દરમ્યાન અને તે પછી પણ મચ્છરોના પ્રજનનના કારણે (રોગ) વધુ ફેલાય છે.

■ **મેલેરિયાના લક્ષણો :–**

- મેલેરિયામાં તાવ, માથાનો દુઃખાવો, ઉલ્ટી અને ફ્લુ જેવા અન્ય લક્ષણો જોવા મળે છે.
- તેનો પરોપજીવી રક્તકણોને ચેપ લગાડે છે અને તેનો નાશ કરે છે, પરીણામે દર્દીએનીમીયાને કારણે જલ્દી થાકી જાય છે, અને કયારેક ગંભીર કિસ્સામાં આંચકીઓ આવે છે અને બેભાન થઈ જાય છે.
- સગર્ભાવસ્થામાં મેલેરિયા માતા, ગર્ભ અને નવજાત શિશુ માટે નોંધપાત્ર જોખમ ઊભુ કરે છે. સગર્ભા સ્ત્રીઓ મેલેરિયાના ચેપ સામે ઝઝુમવાની ઓછી ક્ષમતા ધરાવતી હોવાથી ગર્ભમાં રહેલા શિશુને વિપરીત અસર થાય છે.

■ **રોગની પ્રક્રિયા :**

સામાન્ય રીતે તેની શરૂઆત એનોફિલિસ તરીકે ઓળખાતા ચેપી માદા મચ્છરોના ડંખના કારણે થાય છે, જે પરોપજીવીઓને પોષે છે. ચેપી મચ્છરના દંશના ૧૦ થી ૧૪ દિવસ પછી વ્યક્તિને આ રોગ થાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિને જયારે કોઈ મચ્છર કરડે છે ત્યારે તે ચેપ જલદીથી અન્ય લોકોને પરોપજીવી દ્વારા જલદીથી ફેલાય છે. માણસમાં આ રોગનો વિકાસ મચ્છર કરડ્યા પછીના ૧૦ થી ૧૪ દિવસો (ઈંડા સેવનના સમય) બાદ થઈ શકે છે.જો અસંક્રમિત માદા એનોફિલિસ મચ્છર કરડે તો તેના કારણે મેલેરિયા થતો નથી.

■ **મેલેરિયા ફેલાવતાં મચ્છરો કયાં ઉત્પન્ન થાય છે?**

મેલેરિયાના જંતુ ફેલાવતાં એનોફિ–લીસ મચ્છરો, પ્રમાણમાં ચોખ્ખા કહી શકાય એવાં પાણીમાં ઉત્પન્ન થાય છે. પાણીની ટાંકીઓ, કુલર, કુલદાની, ફ્રિજની ટ્રે, પક્ષીકુંજ, ખાડા–ખાબોચિયા કે અન્યત્ર જયાં વરસાદનું કે બીજું કોઇ ચોખ્ખુ પાણી ભરાઇ રહે ત્યાં એનોફિલીસ મચ્છર પોતાના ઈંડા મુકે છે. આ કારણે જ ચોમાસાની આસપાસ મચ્છરનું પ્રમાણ અને મેલેરિયાનો ફેલાવો ઘણો વધી જાય છે.

■ **મેલેરિયાના મચ્છર કયારે કરડે છે?**

દિવસભર આ મચ્છરો અંધારા ખૂણાઓ કે અંધારી જગ્યાઓમાં ભરાઇ રહે છે. ટેબલ–ખુરશીની નીચે, પલંગ–સોફા નીચે, પડદાની પેનલની અંદર કે પડદા પાછળ, દિવાલના ઉપરના ભાગો, ફોટાની ફ્રેમ પાછળ વગેરે અનેક અંધારી જગ્યાઓમાં દિવસભર આ મચ્છરો સંતાઈ રહે છે. અને સાંજે–રાત્રે માણસનું લોહી લે છે. સામાન્ય રીતે આ મચ્છર કરડે ત્યારે દુઃખાવો થતો નથી.

■ **મચ્છર કરડે પછી કેટલા દિવસે તાવ આવે?**

એક માણસને મચ્છર કરડયા પછી જંતુના બીજમાંથી ઈંડા બનીને મચ્છરની સૂંઢ સુધી પહોંચતા દશ થી બાર દિવસ સામાન્ય રીતે લાગે છે.વળી, મચ્છર કરડે અને માણસના શરીરમાં મેલેરિયાના ઈંડા (સ્પોરોઝો–ઈટ) પ્રવેશે પછી આશરે ૧૦ થી ૧૫ દિવસ પછી તાવ આવે છે. જંતુઓના પ્રકાર પ્રમાણે જીવનચક્રના સમયમાં ફેરફાર થાય છે. પરંતુ દરેક જંતુએ માણસથી મચ્છર અને ફરી પાછા મચ્છરથી માણસ સુધીની યાત્રા કરવી ફરજીયાત છે.

■ **સાદો મેલેરિયા કેમ વારંવાર ઉથલો મારે છે?**

વાઈવેકસ (સાદો મેલેરિયા) પ્રકારના જંતુઓ માણસના લીવરમાં કાયમી અડ્ડો જમાવી દે છે. અને થોડાં થોડાં સમયે મેલેરિયાનો તાવ ફરી ફરીને (નવા મચ્છર ન કરડયા હોય તો પણ) આવ્યા કરે છે. ફાલ્સીપેરમ મેલેરિયાના જંતુ કદી લીવરમાં કાયમી અડ્ડો જમાવી હેરાનગતી કરતા નથી. જાતજાતના અનેક ગંભીર અને કયારેક જીવલેણ કોમ્પ્લીકેશન પણ ફાલ્સીપેરમથી થાય છે, પરંતુ એ બીમારી માત્ર એક જ વખતની હોય છે – વારંવારની નહીં.

■ **ઝેરી મેલેરિયા એટલે શું?**

આપણે ત્યાં એવી ખોટી માન્યતા ચાલે છે કે ફાલ્સીપેરમ મેલેરિયા એટલે ઝેરી મેલેરિયા. હકીકતમાં, જે મેલેરિયાના દર્દીમાં મગજ કે શરીરના અન્ય અવયવ પર જીવલેણ બની શકે એવી અસર થાય તો એ ઝેરી મેલેરિયા તરીકે ઓળખાય છે. બધા ફાલ્સીપેરમ મેલેરિયા કંઇ ઝેરી નથી હોતા. દર્દી બેહોશ થઈ જાય, લવારા કરવા લાગે, ખેંચ આવે, ખૂબ શ્વાસ ચઢે, પેશાબ બંધ થઈ જાય કે કાળો પેશાબ થાય, બી.પી. ઘટી જાય વગેરે ઝેરી મેલેરિયાના લક્ષણો છે.

■ **મેલેરિયાની ગોળી લેવામાં શું કાળજી રાખવી?**

મેલેરિયાની સારવાર માટે વપરાતી ગોળીઓનો કોર્સ પૂરો કરવો ખૂબ જરૂરી છે જેથી મેલેરિયા ફરી ઉથલો ન મારે અને ભવિષ્યમાં દવાની અસરકારકતા જળવાઇ રહે. તાત્કાલિક અસર માટે ઘણી વાર આ ગોળીઓનો પ્રથમ ડોઝ એ પછીના ડોઝ કરતા બમણો હોય છે જેને માટે ડોકટરની સલાહ મુજબ એકસાથે બે કે ચાર ગોળી લેતાં ગભરાવુ નહીં. મેલેરિયાની સારવાર માટે અપાતી ગોળીઓ કંઈક ખાધા પછી જ લેવી જોઈએ.

■ **મેલેરિયાથી બચવા શું કરવું?**

(A) મેલેરિયાથી બચવા તેના મચ્છરની ઉત્પ્તી અટકાવવી તથા

(B) મચ્છર કરડવાથી બચવાના ઉપાયો કરવા.

### A. મેલેરિયાથી બચવા તેના મચ્છરની ઉત્પતી અટકાવવીઃ–

**૧. બિનજરૂરી પાણી ન ભરાય એ જોવુંઃ-**

ખાબોચિયામાં ભરાઈ રહેતાં પાણીને નિકાલ કરવામાં આવે; નાના ખાડાઓ કે ઊંચી નીચી જમીનનું લેવલીંગ વ્યવસ્થિતપણે કરવામાં આવે તો મચ્છરની ઉત્પત્તિમાં નોંધપાત્ર ઘટાડો લાવી શકાય છે. પાણી નિકાલ ન થઇ શકે તો તેમાં બળેલ ઓઈલ કે કેરોસીન નાખવું.

**૨. વપરાશના પાણીમાં મચ્છર ન ઉછરે એ જોવું :-**

પાણીની ટાંકી, કુલર, ફુલદાની, ફ્રિજની ટ્રે, પક્ષીકુંજ, માટલાના કે ખાડા–ખાબોચિયા પાણીમાં પણ મચ્છરનો ઉછેર થઇ શકે છે. નિયમિત સાફ થઇ ન શકે તેવા ટાંકામાં પોરાભક્ષક માછલી ઉછેરવામાં આવે તો એ મચ્છરના પોરા ખાઇ જાય અને મચ્છરની ઉત્પતિ અટકાવે છે. મચ્છરનો નાશ કરનાર માછલીઓ મેલેરિયા શાખામાંથી વિનામુલ્યે મળી રહે છે. પાણીની ટાંકી, માટલા કે અન્ય પાણી ભરેલા વાસણોને હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવામાં આવે અને એકાંતરા દિવસે બરાબર સાફ કરી, કોરા કરીને પછી ફરીથી પાણી ભરવામાં આવે તો ત્યાં મચ્છરો ઉછરી ન શકે.

**3. પાણી પર કેરોસીન કે બળેલ ઓઇલ અથવા જંતુનાશક દવા છાંટવીઃ-**

જેનું પાણી વપરાશમાં ન લેવાતુ હોય એવા ખૂબ મોટા ખાબોચિયાની ઉપર કેરોસીન કે બળેલ ઓઈલ નાખવાથી મચ્છરના પોરા ને પાણી સપાટી પરથી ઓકસીજન મળી શકતો નથી અને એ નાશ પામે છે.

### B. મચ્છર કરડવાથી બચવાના ઉપાયોઃ–

મચ્છરથી બચાવ માટે મચ્છરદાની પણ ઘણી ઉપયોગી થઈ શકે છે. રાત્રે સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ એ મચ્છરો અને મેલેરિયાથી બચવા માટે સૌથી સસ્તો અને સલામત રસ્તો છે. નાના બાળકોને દિવસે પણ મચ્છરદાનીમાં સુવાડવવા જોઈએ. મચ્છર કરડવાથી બચવા અન્ય રીપેલન્ટ, ક્રિમ, મચ્છર અટરબતીનો ઉપયોગ કરવો.

મેલેરિયા નાબૂદી માટે સરકાર કે આરોગ્ય તંત્રની સાથે લોકોની જાગૃતિ પણ ખુબ જ જરૂરી છે. મેલેરિયા મુકત ગુજરાત–૨૦૨૨ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા જુન માસમાં મેલેરિયા વિરોધી માસ ઉજવણી કરવામાં આવે છે. વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત મેલેરિયા નિયંત્રણ માટે રોગનો ફેલાવો કરનાર મચ્છર ઉત્પતિ સ્થાનો નાબૂદ કરવા તથા માનવ મચ્છર વચ્ચેનો સંપર્ક ઘટાડવા તેમજ લોકજાગૃતિ કરવાના હેતુ સાથે જુન માસની ઉજવણી કરવામાં આવે છે. લોકોને ખાસ અપીલ છે કે દરેક નાગરિક મેલેરિયા મુકત ગુજરાત–૨૦૨૨ અભિયાન ઝુંબેશમાં જોડાય તથા આપણા શહેરને પણ મેલેરિયાથી મુકત બનાવે.

રોગ અટકાયત એજ ઉત્તમ પગલુ છે.

મચ્છરો આપણા માટે ખતરા સમાન છે, તેના ઉત્પતી સ્થાનો નાબુદ કરીએ. સૌ સાથે મળી મેલેરિયા સામે લડીએ.

ઘરમાં રહો સુરક્ષિત રહો, ઘરને સુરક્ષિત રાખો.

ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

# સીટી ટ્રાન્સપોર્ટેશન (BRTS તથા સીટી બસ સર્વિસ)માં તકેદારી રાખવાના પગલાઓ લેતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



તા.૧–૬–૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ સીટી ટ્રાન્સપોર્ટેશન (BRTS તથા સીટી બસ સર્વિસ)માં Covid-19 અન્વયે લેવામાં આવી રહેલ તકેદારીના પગલાઓ

**ઓફિસમાં:–**

- અત્રે ઓફિસમાં કાર્યરત તમામ કર્મચારીઓ તથા ઓફિસે આવતા મુલાકાતીઓને ફરજીયાત માસ્ક પહેરવા તથા હાથ સેનીટાઇઝ કરવા તેમજ વારંવાર સાબુથી હાથ ધોવાની સુચનાઓ આપવામાં આવેલ છે.
- ઓફીસના પ્રવેશ દ્વાર પાસે સેનીટાઇઝર રાખવામાં આવેલ છે.
- હાથ ધોવા માટે હેન્ડવોશ/સાબુની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- ઓફિસ લીફ્ટમાં એકી સાથે વધુમાં વધુ માત્ર બે વ્યક્તિઓને જ ઉપયોગ કરવાની સુચના આપવામાં આવેલ.

**સીટી ટ્રાન્સપોર્ટેશન (BRTS તથા શહેરી બસ સર્વિસ) સંલગ્ન સેવામાં રાખવામાં આવતી તકેદારીઓ:–**

- શહેરમાં સીટી બસ માટે કુલ ઉપલબ્ધ ૯૦ બસ પૈકી હાલ ૫૦% મુજબ ૪૬ બસને કુલ ૪૪ સીટી બસ રૂટ પૈકીના ૨૩ રૂટ પર(૨૩×૨=૪૬) મુજબ સીટી બસ સેવા શરૂ કરવામાં આવેલ છે. (જે શરૂ કરવામાં આવેલ તમામ ૨૩ રૂટની વિગતો આ સાથે સામેલ છે.)
- જ્યારે શહેરમાં BRTS બસ માટે કુલ ઉપલબ્ધ ૧૦ બસ પૈકી હાલ ૫૦% મુજબ ૦૫ બસને BRTS ડેડીકેટેડ કોરીડોર પર ગોંડલ ચોકથી માધાપર ચોક સુધી શરૂકરવામાં આવેલ છે.
- સરકારશ્રી દ્વારા અનલોક–૧ અંતર્ગત જાહેર કરવામાં આવેલ ગાઇડલાઇનને રાખીને બસ સેવાનો સમય સવારના ૬ થી રાત્રીના ૮ સુધીનો રાખવામાં આવેલ છે.
- રોજબરોજ નિયમિતપણે BRTS-RMTS બસોની સઘન સફાઈ કરી ડિસઈન્ફેકશન કરવામાં આવે છે.
- દિવસમાં ૨ (બે) વખત તમામ બસોને સેનીટાઇઝ કરવામાં આવે છે.
- ડ્રાઈવર તથા કંડકટરોને માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ અને સેનીટાઇઝર આપવામાં આવેલ છે.
- બસ ઓપરેશન અંતર્ગત કાર્યરત તમામ સ્ટાફ જેમ કે ડ્રાઈવર, કંડકટર, BRTS બસ શેલ્ટર્સ પરનાં તમામ ટીકીટ ઈસ્યુઅર તથા સિક્યુરીટી ગાર્ડ–એક્સ આર્મીમેન વગેરે સ્ટાફને નિમણુંક આપવામાં આવેલ એજન્સીઓ દ્વારા થર્મલ ગનથી ચકાસણી કરીને બાદમાં જ ફરજ સોંપવામાં આવે છે. કોઈપણ કર્મચારીની તબિયત નાદુરસ્ત જણાયેથી તાત્કાલિક અસરથી તેઓને ફરજના સ્થળેથી રજા આપવા સુચના આપવામાં આવેલ છે.
- કોરોના અંતર્ગત રાખવાની તકેદારીઓની સુચનાઓની વિગત સાથે સંદેશાત્મક સ્ટીકરો બનાવીને તમામ RMTS-BRTS બસોમાં, BRTS શેલ્ટર પર તથા ત્રિકોણબાગ ખાતેના સીટી બસ કંટ્રોલરૂમ પર લગાવવામાં આવેલ છે. જેમાં ફરજીયાત માસ્ક પહેરવું, હાથ મિલાવવા નહિ, હાથ સેનીટાઇઝ કરવા, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું અને બીમાર વ્યક્તિઓએ બસમાં મુસાફરી કરવી નહીં તે મુજબની અત્યંત જરૂરી બાબતો લેખિત તથા સંદેશાત્મક સ્વરૂપે જણાવેલ છે.
- દરેક બસમાં મુસાફર દ્વારા સરળતાથી વાંચીને સમજી શકાય તે મુજબ બસની સીટો પર સોશ્યલ ડીસ્ટન્સીગનું પાલન થાય તે મુજબ બસમાં મુસાફરોને બેસવા માટેનું માર્ગદર્શન આપતો લે–આઉટ બનાવી લગાવવામાં આવેલ છે તેમજ આ લે–આઉટ મુજબ બસમાં સીટો પર "DO NOT SIT HERE"ના લખાણ સાથેના સંદેશાત્મક સ્ટીકર પણ લગાવવામાં આવેલ છે.
- BRTS બસ તથા સીટી બસ સર્વિસ શરૂ કરવામાં આવેલ રૂટની વિગત નીચે મુજબ છે.

Rajkot Rajpath Ltd. : List Of Route (Post COVID) For City Transportation

**RMTS રૂટની વિગત:–**

- R2–રૈયા ગામથી પ્રદ્યુમન પાર્ક
- R4–આજીડેમ થી GIDC મેટોડા
- R5–રૈયા ગામથી ત્રંબાગામ
- R6–ભકિતનગર સર્કલથી બજરંગ વાડી સર્કલ
- R8–મવડી ગામથી ગ્રીનલેન્ડ ચોકડી
- R11–ત્રીકોણ બાગથી શાપર વેરાવળ
- R13–કોઠારીયા ચોકડીથી સંતોષી નગર
- R14–કોઠારીયા ગામથી નવાગામ
- R19–વાવડી ગામથી ૧૩૧ સ્લમ ક્વાટર
- R20–ઘંટેશ્વર SRP કેમ્પથી શાપર વેરાવળ
- R23–મવડી ગામથી પ્રદ્યુમન પાર્ક
- R24–ત્રીકોણબાગથી GIDC ગેટ ૩
- R25–૧૩૧ સ્લમ ક્વાટરથી જીવરાજ પાર્ક
- R26–વાવડી ગામ થી સંતોષીનગર
- R27–ત્રિકોણબાગથી રૈયાધાર સ્લમ ક્વાટર
- R28–ગુજરાત હાવસિંગ ક્વાટરથી જીવરાજ પાર્ક
- R34–મુંજકા ગામથી પ્રદ્યુમન પાર્ક
- R37–વિનોદનગરથી સંતોષીનગર
- R38–આજીડેમ થી માધાપર ગામ
- R41–વિનોદનગર થી નંદભુમિ ટાવર
- R43–અક્ષર વાટીકાથી ઓમ રેસી. (મોરબી રોડ)
- R45–સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (બી.ટી.સવાણી સુધી)થી રતનપર મંદિર
- R51–SRP કેમ્પ થી પુનિતનગર

**BRTS રૂટ :–**

- BRTS1
- BRTS2
- BRTS3
- BRTS 4
- BRTS 5

# મચ્છર ઉત્પતિ અટકાવવા તથા મચ્છરનો ઉપદ્રવ દેખાતો હોય તેવા કિસ્સામાં રક્ષણાત્મક કાર્યવાહી સત્વરે હાથ ધરવા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની સુચના



વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોની પ્રિ – ટ્રાન્સમિશન સિઝનના ભાગરૂપે તા.૪–૬–૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ ના પ્રમુખસ્થાને મેલેરિયા વિભાગની મિટીંગ યોજવામાં આવેલ, જેમાં મચ્છર ઉત્પતિ અટકાવવા તથા મચ્છરનો ઉપદ્રવ દેખાતો હોય તેવા કિસ્સામાં તેની સામે રક્ષણાત્મક કાર્યવાહી સત્વરે હાથ ધરવા સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં તમામ નાયબ કમિશનરશ્રી, બાયોલોજીસ્ટશ્રી, મેલેરિયા ઈન્સ્પેકટર શ્રી, તમામ વોર્ડના સુપિરીયર ફિલ્ડવર્કરશ્રી હાજર રહેલ હતા.

**જેમાં મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા ...**

- ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગ અટકાયતી માટે પોરાનાશક કામગીરી ઉપર ભાર મુકવામાં આવેલ, જેથી દરેક વોર્ડમાં મચ્છર ઉત્પન્ન ન થાય તેવી પરિસ્થિતી નિમાર્ણ કરવા જણાવવામાં આવેલ.
- ડેન્ગ્યુ, મેલેરિયા ફેલાવતા મચ્છર ઘરની અંદર સંગ્રહિત ચોખ્ખા પાણીમાં થતા હોવાથી લોકોને આવું પાણી પોરાઉત્પન્ન થાય તે રીતે સંગ્રહિત ન કરવા લોકોને સમજાવવા માટે આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી પર ભાર મુકવામાં આવેલ.
- તેમ છતાં લોકોના ઘરોમાં મચ્છર ઉત્પતિ થાય તેવી બેદરકારી લોકો દ્વારા રાખવામાં આવે તો વહીવટી ચાર્જ વસુલાતની કામગીરી સઘન બનાવવાની સુચના આપવામાં આવેલ.
- વોર્ડમાં જરૂરીયાત મુજબ વધારાના વોલેન્ટીર્સ રાખી પોરાનાશક કામગીરી કરાવવા સુચના આપવામાં આવેલ.
- ફિલ્ડવર્કર અને વોલેન્ટીર્સ દ્વારા કરવામાં આવતી કામગીરીનું બાયોલોજીસ્ટ, મેલેરિયા ઈન્સ્પે–ક્ટર, સુપિરીયર ફિલ્ડવર્કર દ્વારા મોનીટરીંગ અને સુપરવિઝન કરવાની સુચના આપવામાં આવેલ.

# જ્યુબીલી ખાતે ૨૪×૭ ફ્લડ કંટ્રોલ રૂમ શરૂ : અધિકારીઓ અને કર્મચારીઓના ડ્યુટી ઓર્ડર કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

વર્ષાઋતુ–૨૦૨૦ દરમિયાન આપત્તિ સામે બચાવ અને રાહત કામગીરી માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧–૬–૨૦૨૦ના રોજ જુદી–જુદી શાખાધિકારીએ કરવાની થતી કામગીરી નિયત કરવામાં આવેલ છે. તેમજ આપત્તિ સમયે બચાવ અને રાહત કામગીરીનું સંકલન કરવા માટે ફ્લડ કંટ્રોલરૂમ જયુબીલી બાગ ખાતે શરૂ કરવામાં આવેલ છે. જેના ફોન નં. ૦૨૮૧–૨૨૨૫૭૦૭/૨૨૨૮૭૪૧ છે. ૨૪ કલાક કાર્યરત રહેનાર આ કંટ્રોલ રૂમ ખાતે ફરજ બજાવવા માટે અધિકારીઓ અને કર્મચારીઓને રોજની કુલ ત્રણ શિફ્ટમાં જવાબદારી સોંપવાનો મ્યુનિ, કમિશનરશ્રીએ હુકમ કર્યો છે.

જ્યુબેલી કંટ્રોલ રૂમ ખાતે ભારે થી અતિ ભારે વરસાદના સમયે ફરજ બજાવવા માટે અધિકારી / કર્મચારીઓને કામગીરીની ફાળવણીની વિગતો:

- સોમવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી આસી. મેનેજરશ્રી બી. એચ. પરમાર તથા જુનિયર કલાર્કશ્રી દિલીપ એસ. ખેર, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી આસી. મેનેજરશ્રી બી. એલ. કાથરોટીયા તથા જુનિયર કલાર્ક શ્રી કલ્પેશ બસે સોલંકી, અને રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આસિ. મેનેજરશ્રી વી. એચ. પટેલ તથા જુનિયર કલાર્ક શ્રી રમેશ એન. સોલંકી
- મંગળવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી આસી. મેનેજરશ્રી એન. એમ. વ્યાસ તથા જુનિયર કલાર્ક શ્રી અલ્પેશ પી. મારૂ, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી આસી. મેનેજરશ્રી એચ. ડી. લખતરીયા તથા જુનિયર કલાર્કશ્રી વિજય કંબારીયા અને રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આસી. મેનેજર શ્રી વી. આર. મહેતા તથા જુનિયર કલાર્કશ્રી સુરેશ એચ. સવાણી
- બુધવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી આસી. મેનેજરશ્ર કે. બી. ઉનાવા તથા જુનિયર કલાર્કશ્રી દીપાભાઈ આર. મુનિયા, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી આસી. મેનેજરશ્રી એમ. આઇ. વોરા તથા જુનિયર કલાર્કશ્રી મનોજભાઈ એ. ત્રીવેદી અને રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આસી. મેનેજરશ્રી ડી. એમ. ડોડીયા તથા જુનિયર કલાર્કશ્રી ચંદુભાઈ બી. સુમાલખાણીયા.
- ગુરૂવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી આસી. મેનેજરશ્રી એન. એમ. વ્યાસ તથા જુનિયર કલાર્કશ્રી દેવેન્દ્ર એ. કોલી, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી આસી. મેનેજરશ્રી એ. બી. ચોલેરા તથા જુનિયર કલાર્ક શ્રી કરણ સી. મારૂ અને રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આસી. મેનેજરશ્રી શ્રી એમ. ડી. ખીમસુરીયા તથા જુનિયર કલાર્કશ્રી સંજય વી. સોલંકી
- શુક્રવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી આસી. મેનેજરશ્રી આર. એમ. ગામેતી તથા જુનિયર કલાર્કશ્રી રોહિત બી. ચરપોટ, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી આસી. મેનેજરશ્રી વી. ડી. ઘોણીયા તથા જુનિયર કલાર્કશ્રી મહેશ કે. જાદવ અને રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી લો ઓફિસરશ્રી એસ. કે. ગુપ્તા તથા જુનિયર કલાર્ક શ્રી જયેશગીરી વી. અપારનાથી
- શનિવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી લીગલ ઓફિસરશ્રી એ. એસ. વોરા તથા જુનિયર કલાર્કશ્રી કિશનરામ એન. ગોંડલીયા, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી લાઈબ્રેરીયન શ્રી એન. એમ. આરદેશણા તથા જુનિયર કલાર્ક શ્રી જયેશ જે. સોલંકી અને રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આસી. મેનેજરશ્રી એમ. આઇ. વોરા તથા જુનિયર કલાર્કશ્રી હરદેવસિંહ જી. ઝાલા
- રવિવારે સવારે ૬ થી બપોરે ૨ સુધી આસી. મેનેજરશ્રી વી. આર. મહેતા તથા જુનિયર કલાર્કશ્રી પંકજભાઈ એચ. ઠાકર, બપોરે ૨ થી રાત્રે ૧૦ સુધી આસી. મેનેજરશ્રી એમ. ડી. ખીમસુરીયા તથા જુનિયર કલાર્કશ્રી ભાવેશભાઈ સી. ગાંધી તથા રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આસી. લાઈબ્રેરીયનશ્રી એસ. પી. દેત્રોજા તથા જુનિયર કલાર્કશ્રી સંજય કે. દવે




મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા ૪૪૦૦ અર્બન લોકલ બોડી તથા ૧૦૦ સ્માર્ટ સીટીઝમાં તાજેતરમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હોય તેવા સ્નાતકો માટે ધ અર્બન લર્નિંગ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ (TULIP) માટે ઈન્ટર્નશીપ પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવેલ છે. MOHUA તથા AICTE દ્વારા આ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ તા.૪–૬–૨૦૨૦નાં રોજ યુ ટ્યુબ દ્વારા નવી દિલ્હી ખાતે લોન્ચ કરવામાં આવેલ છે. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ અર્બન પ્લાનિંગ, ટ્રાન્સપોર્ટ એન્જીન્યરીંગ, ફાઈનાન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં ભાવિ સીટી મેનેજર તૈયાર કરવાનો છે.

**ઉદ્દેશ:–**

૧. તાજેતરમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હોય તેવા સ્નાતકોને અર્બન ગવર્મેન્ટ સાથે જોડાણ કરવા.

૨. તાજેતરમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હોય તેવા સ્નાતકોને અર્બન એન્વાયરમેન્ટ સાથે સંપર્ક કરવા.

૩. સરકારશ્રીને અર્બનનાઈઝેશન માટે ભાવિ પેઢી તૈયાર મળશે જેની બૌધિક ક્ષમતાઓનો ઉપયોગ થઇ શકશે.

૪. સ્નાતકો માટે રોજગારીનું સર્જન થશે.

**લાયકાત:–**

૧. ભારતીય નાગરીત્વ ધરાવતા હોવા જોઇએ.

૨. સ્નાતક પૂર્ણ થયા બાદ મહત્તમ ૧૮ માસ સુધીમાં ઉમેદવારી નોંધાવી શકશે.

**ઉમેદવારી નોંધાવા માટેની શરતો:–**

૧. ઈન્ટનશીપની અરજી ઓનલાઇન જ કરી શકાશે.

૨. સ્નાતકની ડીગ્રી જે યુનિવર્સીટી / કોલેજમાંથી પૂર્ણ કરી હોય તે સંસ્થાનો ભલામણ પત્ર સાથે હોવો જોઇએ અને જો ભલામણ પત્ર ન હોવાનાં કિસ્સામાં ઉમેદવારી નોંધાવી શકાશે નહી.

૩. ઉમેદવાર દ્વારા ૧૦૦૦ શબ્દોમાં સારાંશ (અર્બન ઇસ્યુ, ઉમેદવારનો એરીયા ઓફ ઈન્ટરેસ્ટ, ઈન્ટનશીપ કરવાનો હેતુ તથા ઉદ્દેશી જ વિષય પર ઈન્ટનશીપ કરવી હોય તે) રજુ કરવાનુ રહેશે.

**શરતો:–**

૧. ઉમેદવારને પોતાનુ ક્રેડેન્શીયલ વ્યવસાયીક વર્તુણાક તથા ચારીત્ર સર્ટીફીકેટ લોકલ બોડી/સ્માર્ટ સીટીને ડીઝીટલ બાંહેધરી સ્વરૂપે આપવાનુ રહેશે.

૨. લોકલ બોડી/સ્માર્ટ સીટી દ્વારા જો યોગ્ય લાગશે તો ઉમેદવારની યોગ્યતા ચકાસ્યા બાદ પ્રોજેક્ટ આપવામાં આવશે.

૩. લોકલ બોડી/સ્માર્ટ સીટી દ્વારા ઈન્ટર્નશીપની એંગેજમેન્ટ ફોરમેટ નક્કી કરવામાં આવશે જેથી ઈન્ટર્નનો સમય બિન તાંત્રીક કામોમાં ન વેળફાઇ.

૪. મીનીમમ ૮ અઠવાડીયા ઈન્ટર્નશીપ કરશે તો જ ઈન્ટર્નશીપ પૂર્ણ કર્યાનુ સર્ટીફિકેટ આપવામાં આવશે.

૫. ઈન્ટર્નશીપ દરમ્યાન આપવામાં આવેલ ડોક્યુમેન્ટ / રેપોર્ટની ગોપનીયતા જાળવવાની રહેશે.

૬. ઈન્ટર્નશીપ વચ્ચેની છોડવી હોય તો એક અઠવાડીયાનો નોટીસ પીરીયડ આપવાનો રહેશે.

**સ્ટાઈપન્ડ તથા અન્ય એલાઉન્સ:–**

લોકલ બોડી / સ્માર્ટ સીટી સ્ટાઈપન્ડ આપવા બંધાયેલ નથી ઉમેદવાર દ્વારા કરેલ કામગીરીનાં મુલ્યાકનને ધ્યાને લઇ નિર્ણય લેવામા આવશે.

**સર્ટીફિકેટ ઓફ ઈન્ટર્નશીપ:–**

ઈન્ટર્નશીપ પૂર્ણ થયેથી MOHUA, AICTE, STATE GOVT. તથા લોકલ બોડી દ્વારા સયુક્ત રીતે ડિઝીટલી સહી વાળુ સર્ટીફીકેટ આપવામાં આવશે. વધારે માહિતી MOHUAની website http//smartnet.niua.org/tulip/ and https://internshio.aicte-india.org થી મેળવી શકાશે.



# પ્રિ-મોન્સુન કામગીરીઃ

## વોંકળાની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

હાલમાં ચાલી રહેલી પ્રિ–મોન્સુન કામગીરી અનુસંધાને રાજકોટ મહાનગરપા––લિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે શહેરના સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૨ માં આવેલ એરપોર્ટ ફાટક પાસે, સાંઢીયા પુલ, જામનગર રોડ, ભોમેશ્વરવાડી પાસે તથા વોર્ડ નં.૩માં આવેલ પોપટપરા રેલ્વે નાલા પાસે આવેલ વોંકળાઓની મુલાકાત લીધેલ હતી. તેમની સાથે ત્રણેય ઝોનનાં નાયબ કમિશનરશ્રીઓ શ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી એ. કે. સિંઘ અને શ્રી સી. કે. નંદાણી, ત્રણેય ઝોનનાં સિટી એન્જી.શ્રીઓ શ્રી એમ. આર. કામલીયા, શ્રી એચ. યુ. દોઢિયા, શ્રી કે. એસ. ગોહિલ, ટી.પી.ઓ.શ્રી એમ. ડી. સાગઠીયા, પર્યાવરણ ઇજનેરશ્રી નિલેશ પરમાર તથા પી.એ.(ટેક.) ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી અને કમિશનર વિભાગના આસિ. મેનેજરશ્રી એન. કે. રામાનુજ હાજર રહયા હતા.

કમિશનરશ્રી દ્વારા વોંકળા સફાઇ તેમજ પ્રિ–મોન્સુન અન્વયેની જરૂરી કામગીરી સત્વરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા.૩–૬–૨૦૨૦ના રોજ લલુડી વોકળી, શેઠ હાઇસ્કુલ પાછળનો વોકળો, લલુડી મેઈન રોડ પર ખોડિયાર ચોક, કોઠારિયા મેઈન રોડ પર નંદા હોલ પાસેનો વોકળો અને ચોક, ઘનશ્યામ નગર પાસે સિંદૂરિયા ખાણ પાસેનો વિસ્તાર, સહકાર મેઈન રોડ પર ત્રિશુલ ચોક, આહીર ચોક તથા નેશનલ હાઇવે પર કોઠારિયા ચોકડી ખાતેની મુલાકાત લીધી હતી.

આ તમામ વોકળામા ચોમાસા દરમ્યાન પાણી નો સતત વ્યવસ્થિત નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા તેમજ ઉપરોક્ત વિસ્તારોમાં જ્યા ભારે વરસાદને કારણે પાણી ભરાવાની ફરિયાદ રહે છે ત્યાં ડી વોટરિંગ પમ્પ તૈયાર રાખવા અને ભરાયેલ પાણીનો સત્વરે નિકાલ થાય તે અંગેની આવશ્યક કામગીરી માટે કમિશનરશ્રીએ સૂચના આપી હતી.

આ તકે ત્રણેય ઝોનના ડી.એમ.સી.શ્રી, સિટી એન્જી.શ્રી., ચીફ ફાયર ઓફિસરશ્રી, ટી.પી.ઓ.શ્રી, પર્યાવરણ ઇજનેરશ્રી, વગેરે અધિકારીઓ હાજર હતા.

ભારે વરસાદ વખતે લલુડી વોકળીના વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવા અને અન્ય આનુસાનગીક વ્યવસ્થા કરવા માટે પણ તૈયાર રહેવા સંબંધિત અધિકારીઓ ને સૂચના આપી હતી.

## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે કુવાડવા રોડ, એન્ટ્રી પોઇ પાસે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે વૃક્ષારોપણ ક




હાલ સમગ્ર દેશ કોરોના મહામારી સામે ઝઝૂમી રહ્યો છે. દેશમાં વિવિધ પ્રકારના પ્રદુષણો ફેલાતા હોય છે. જેમાં પ્રાકૃતિક શક્તિનું મહત્વ ઘણું જોવા મળે છે. જેમકે શહેરમાં અવર જવર કરવા માટે અત્યારે દરેક નાગરીક પોતાના વાહનનો ઉપયોગ કરે છે. વાહન દ્વારા હવાનું પ્રદુષણ ફેલાય છે. આપણે સૌ જાણીએ છીએ કે હવાના પ્રદુષણને રોકવા માટે પર્યાવરણની જાળવણી કરવી જરૂરી બને છે. તા.૫–૬–૨૦૨૦ વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદેશ્ય લોકોમાં પર્યાવરણ અંગે જાગૃતતા લાવવાનો છે. આજે દરેક વ્યક્તિ એક વૃક્ષનું વાવેતર કરે અને તેનું જતન કરે તો હવાના પ્રદુષણને




અટકાવી શકાય છે. આ કાર્યને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. સરકારશ્રી દ્વારા વિશ્વ પર્યાવરણની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અનુસંધાને આજે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુવાડવા રોડ, એન્ટ્રી પોઈન્ટ પાસે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે વૃક્ષારોપણ કર્યું હતું, આ પ્રસંગે તેમની સાથે જ નાયબ કમિશનરશ્રી એ. કે. સિંઘ, પાર્ક એન્ડ ગાર્ડન શાખાના ડાયરેક્ટરશ્રી ડૉ. કે. ડી. હાપલીયા વગેરે પણ વૃક્ષારોપણ કર્યું હતું. આ તકે અન્ય અધિકારીઓ કર્મચારીઓ પણ જોડાયા હતા.

કુવાડવા રોડ એન્ટ્રી પોઈન્ટ પાસે અલગ અલગ પ્રકારના વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું, જેમાં ગુલમહોર અને પેલ્ટોફોરમ જેવા છોડનો સમાવેશ થાય છે. મ્યુનિ. કમિશનરશ્રીએ પોતે વૃક્ષોને વાવીને એક સંદેશ પ્રસાર કાર્યો હતો કે દરેક વ્યક્તિ એક વૃક્ષ વાવે અને તેનું જતન કરે. આવનારા સમયમાં પ્રદુષણને રોકવા માટે અને રાજકોટ શહેરને ગ્રીન શહેર બનાવવા માટે દરેક વ્યક્તિ પોતાની ફરજ સમજીને એક વૃક્ષ વાવે તેવી અપીલ પણ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે  શહેરીજનોને કરી હતી.







# રાત્રે ભારે પવન સાથે તોફાની વરસાદને પગલે તમામ વોર્ડમાં રાતોરાત ટીમો દોડાવતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલઃ વરસાદી પાણીના નિકાલ અને સફાઈની તાબડતોબ કામગીરી

રાજકોટ શહેરમાં તા.૫-૬-૨૦૨૦ ના રોજ રાત્રે ભારે પવન સાથે તોફાની વરસાદ તૂટી પડ્યો હતો, જેના પગલે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે તમામ ૧૮ વોર્ડમાં રાતોરાત જે તે વોર્ડની ટીમોને વોર્ડના વિસ્તારોમાં દોડાવી હતી. ઉપરાંત ત્રણેય નાયબ કમિશનરશ્રીઓ અને ત્રણેય ઝોનના સિટી એન્જી.શ્રીઓ પણ શહેરમાં અલગ અગલ વિસ્તારમાં ફર્યા હતા અને વરસાદી પાણીના નિકાલ માટે ત્વરિત કામગીરી થાય તે સુનિશ્ચિત કર્યું હતું. વિશેષમાં વરસાદને પગલે જ્યાં ક્યાંય પણ ખાડા-ખાબોચિયામા પાણી ભરાયા હોય તો તેનો તુરંત નિકાલ કરાવી ખાડા બુરવાની કામગીરી પણ શરૂ કરવા સુચના આપી હતી. તેમજ વરસાદને કારણે શહેરમાં કાદવ કીચડની સફાઈ કામગીરી પણ સત્વરે થાય તે માટે સંબધિત અધિકારીઓને આદેશ કર્યા હતા. જે અનુસંધાને તા.૬-૬-૨૦૨૦ના રોજ બપોરે આ લખાય છે ત્યારે પણ આવશ્યક કામગીરી કરવામાં આવી રહી હતી. આ કામગીરી તમામ ૧૮ વોર્ડના વોર્ડ એન્જી.શ્રીઓ, વોર્ડ ઓફિસરશ્રીઓ તથા અન્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી.

સાથોસાથ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ આજ સવારે વિવિધ વિસ્તારોમાં થઇ રહેલી કામગીરીનું નિરીક્ષણ કરવા જુદા જુદા વોર્ડમાં રૂબરૂ સાઈટ વિઝિટ કરી હતી. મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, ગઈ કાલે રાતે પડેલ વરસાદ વખતે તમામ વોર્ડની ટીમોને તેઓના વિસ્તારમાં મોકલવાની કવાયત ચોમાસાના આગામી દિવસોમાં જયારે પણ ભારે વરસાદની સ્થિતિ સર્જાય તેવા સંજોગોમાં પણ ત્વરિત અને સમયસર કામગીરી થાય તે સુનિશ્ચિત કરવાના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી.

મ્યુનિ. કમિશનરશ્રી જણાવ્યું હતું કે, શહેરના ઈસ્ટ ઝોનના ૮૦ ફૂટ રોડની દુકાનો શો રૂમ આજુ બાજુ, રણછોડનગર, પેડક રોડ, આશાપુરા નગર, સુર્યદીપ સોસાયટી, સંત કબીર રોડ, ચંપકનગર, સીતારામ ચોક, સાગર મેઈન રોડ, ભગવતીપરા મેઈન રોડ, મોરબી રોડ પાસે, જુના મોરબી રોડ, નારાયણનગર-ESR પાસે અને સોલવન્ટ રોડ પર વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવી હતી.

સેન્ટ્રલ ઝોનના કલેકટર ઓફિસ, જામ ટાવર રોડ, જામનગર રોડ, ખુટારા સ્ટેન્ડ પાસે, એકનાથ રાનડે સ્કુલ પાસે, ગુરૂનાનક હોલ પાછળ, મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે અને માનસતા ગાર્ડન પાસે વિગેરે વિસ્તારોમાંથી પાઇપ ગટર અને ચરેડા દ્વારા વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવેલ તેમજ નાલાની સફાઈ હાલ ચાલુ છે.

વેસ્ટ ઝોનના લાખના બંગલા પાસે, ભારતીનગર, ૧૫૦ ફૂટ રિંગ રોડ, વોર્ડ નં. ૮ની ઓફિસ પાસે, સત્ય સાઈ રોડ, રવિરત્ન ગાર્ડન પાસે, ગોપાલ ચોક, શક્તિ ટી સ્ટોલ કાલાવડ રોડ પાસે, ઓ.બી.સી. ટાવર પાસે, અંબિકા ટાઉનશીપ બ્રિજ વિગેરે વિસ્તારોમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન પાઇપ મારફતે વરસાદી પાણીનો નિકાલ કરાવેલ છે, આ માટે સ્પીડ બ્રેકરની બાજુમાં JCB વડે ચરેડા પણ બનાવવામાં આવ્યા હતા. અંબિકા ટાઉનશીપ પાસે રોડની સાઈડમાં પડેલ રબીશ ઉપાડી પાણીનો નિકાલ કરેલ. જયારે રાધે હોટલ, શ્યામ પાર્ક અને નંદનવન સોસાયટી વિસ્તારોમાં રોડ લેવલીંગની ફરિયાદો મળેલ જેના નિકાલ માટે JCB દ્વારા રોડ લેવલીંગની કામગીરી હાથ ધરવા કાર્યવાહી ચાલુ કરાયેલ છે.





## માસ્ક નહી પહેરનારા લોકો પાસેથી પેનલ્ટી વસૂલ કરવા ફરી વોર્ડ વાઈઝ ઝુંબેશ હાથ ધરતી ૧૮ ટીમ

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા લોકડાઉન સહિતના વિવિધ પગલાઓ લેવામાં આવી રહયા છે. હાલમાં લોકડાઉનમા આંશિક મુક્તિ અપાયેલી છે, જોકે સાથોસાથ લોકોને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા તથા વધુ સંખ્યામાં લોકોને એકત્ર નહી થવા વિનતીસહ સૂચનાઓ આપવામાં આવેલી છે. આમ છતાં કેટલાક લોકો બેદકારીપૂર્ણ રીતે વર્તતા હોવાનું ધ્યાને આવેલ છે. આવા લોકોને કારણે પણ ચેપ પ્રસરવાનો ભય રહે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના આદેશ અનુસાર વોર્ડ વાઈઝ ઝુંબેશ હાથ ધરાઈ હતી. આજ રીતે તા.૮-૬-૨૦૨૦ના રોજ બપોરે પણ તમામ ૧૮ વોર્ડમાં અધિકારી અને કર્મચારીઓની ટીમો ફિલ્ડમાં ઉતારવામાં આવી હતી. આ ઝુંબેશ દરમ્યાન શહેરમાંથી માસ્ક પહેર્યા વિનાના કુલ ૨૨૩ નાગરિકો પાસેથી રૂ.૪૪,૬૦૦ ની પેનલ્ટી વસૂલ કરવામાં આવી હતી.

માસ્ક નહી પહેરનારા કે પછી નાક અને મ્હો સરખું ઢંકાય નહી તેવી રીતે માસ્ક નહી પહેરનારા લોકો અન્ય નાગરીકોમાં ચેપ ફેલાવી શકે તેવી દહેશત રહે છે, તેમ જણાવી મ્યુનિ, કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સમગ્ર બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ આવા નાગરિકો પાસેથી પેનલ્ટી વસૂલ કરવા સમયાંતરે ઝુંબેશ ચલાવવા આદેશ આપાયેલ છે. રાજકોટ મહાનગરપાલિ--કાનો આશય લોકોને દંડિત કરવાનો નહી પણ માસ્ક પહેરવા જાગૃત રહે તે માટેનો છે. માસ્ક નહી પહેરનાર લોકો પોતાના અને સામેવાળા લોકોના સ્વાસ્થ્ય માટે પણ જોખમી બની રહે છે. સૌ જાહેર સ્વાસ્થ્યના હિતમાં માસ્ક પહેરે, વખતો વખત હાથ ધોવે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે તેમજ વખતો વખત તંત્ર દ્વારા અપાતી સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનો ચુસ્તપણે અમલ કરે તે જરૂરી છે.

### ફરજીયાત માસ્ક અંગેનાં જાહેરનામાનાં ભંગ બદલ વોર્ડવાઇઝ વસુલ કરવામાં આવેલ દંડ અંગેની માહિતી

Dt. 08-06-2020 Upto 01:00 PM

| વોર્ડ નં. | આસામીઓ ની કુલ સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
|---|---|---|
| 1 | 24 | 4800 |
| 2 | 10 | 2000 |
| 3 | 4 | 800 |
| 4 | 15 | 3000 |
| 5 | 11 | 2200 |
| 6 | 3 | 600 |
| 7 | 23 | 4600 |
| 8 | 22 | 4400 |
| 9 | 15 | 3000 |
| 10 | 17 | 3400 |
| 11 | 12 | 2400 |
| 12 | 0 | 0 |
| 13 | 17 | 3400 |
| 14 | 16 | 3200 |
| 15 | 0 | 0 |
| 16 | 15 | 3000 |
| 17 | 15 | 3000 |
| 18 | 4 | 800 |
| કુલ | **223** | **44600** |

| ઝોન | આસામીઓની સંખ્યા | વસુલાત ની રકમ |
|---|---|---|
| EZ | 48 | 9600 |
| CZ | 85 | 17000 |
| WZ | 90 | 18000 |
| **TOTAL** | **223** | **44600** |







# રાજકોટ મનપા દ્વારા બની રહેલ MIG કેટેગરીના આવાસના ફોર્મ તા.૧૫-૬-૨૦૨૦ થી ૧૦-૭-૨૦૨૦ સુધી મેળવવા અને પરત કરવાનો સમય લંબાવવામાં આવ્યો

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન ડાંગર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા EWS-2 542, LIG - 1268, MIG - 1268 આવાસોના બાંધકામની કામગીરી હાલ ચાલુ છે. જેના અનુસંધાને MIG આવાસના ફોર્મ તા.૧૭–૩–૨૦૨૦ સુધી મેળવવાનો અને પરત કરવાનો સમય નક્કી કરવામાં આવેલ. ત્યારબાદ કોરોના વાયરસની મહામારી ના કારણે જે સમગ્ર દેશમાં લોકડાઉન હતું. જેના કારણે ફોર્મ મેળવવા કે પરત આપવા માટે વિશેષ મુદત વધારો આથી શકાયેલ નહી. જેથી જે લોકો પાસે પોતાનું ઘરનું ઘર નથી તેવા વધુ ને વધુ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે તે માટે MIG આવાસના ફોર્મ મેળવવા અને પરત કરવા માટે વિશેષ તા.૧૫–૬–૨૦૨૦ થી તા.૧૦–૭–૨૦૨૦ સુધી મુદત લંબાવેલ છે.

MIG પ્રકારના ૧૨૬૮ આવાસ પૈકી, જયભીમનગર પાસે, હેવલોક એપા. સામે, નાનામવા ખાતે ૨૬૦, વસંત માર્વેલની બાજુમાં, વિમલનગર મેઈન રોડ ખાતે ૨૮૮, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ઓસ્કારગ્રીન સિટીની બાજુમાં ૪૪૮, અને સેલેનીયમ હાઈટ્સની સામે, મવડીથી પાળ રોડ ખાતે ૨૭૨ આવાસ બનનાર છે.

- MIG આવાસની કિંમત ૨૪ લાખ છે.
- MIG કેટેગરીના આ આવાસમાં બે બેડરૂમ, સ્ટેન્ડિંગ બાલ્કની, એક સ્ટડી રૂમ, એક હોલ, કિચન, એટેચ્ડ ટોઈલેટ અને કોમન ટોયલેટની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
- આકર્ષક એલીવેશન, વિશાળ પાર્કિંગ, અગ્નિ શમન, તથા લીફ્ટની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના તમામ સિવિક સેન્ટર આવાસ યોજનાના ફોર્મ વિતરણનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીનો રહેશે તેમજ ICICI બેંકમાં ફોર્મ વિતરણનો અને પરત જમા કરવાનો સમય સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધીનો રહેશે.



# શહેરના તમામ હોકર્સ ઝોન અને શાક માર્કેટ સેનેટરાઈઝ કરાયા

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, સેનિટેશન સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા એક યાદીમાં જણાવે છે કે, કોરોના મહામારીના કારણે દેશમાં જુદા જુદા તબક્કાવાર લોકડાઉન આપવામાં આવેલ. હાલમાં અનલોક–૧ તબક્કામાં ધંધા–રોજગાર વિગેરે માટે સરકારશ્રી દ્વારા છુટછાટ આપવામાં આવેલ. જેના અનુસંધાને તા.૮–૬–૨૦૨૦થી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલ ૯૫ હોકર્સ ઝોન તથા ૬ શાક માર્કેટો શરૂ થઈ રહ્યા છે જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ હોકર્સ ઝોન તથા માર્કેટોને સેનિટાઇઝ તથા સફાઈ કરવામાં આવેલ છે. આ તમામ હોકર્સ ઝોન તથા શાક માર્કેટમાં ધંધાર્થીઓ તથા ખરીદી અર્થે આવતા લોકો માસ્ક પહેરે અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવે તેવી અપીલ પદાધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે.








# કોમ્યુનીટી હોલ તથા ઓડીટોરીયમ પ્રસંગો યોજવા માટે બંધ રાખેલ

COVID-19ની પરિસ્થિતિના અનુસંધાને હાલ રાજકોટ મહાનગરપા––લિકા તા.૨૪–૬–૨૦૨૦ના રોજ કોમ્યુનીટી હોલ તથા ઓડીટોરીયમ પ્રસંગો યોજવા માટે બંધ રાખવામાં આવેલ છે. હાલ જિલ્લા કલેક્ટરશ્રી / પ્રાંત અધિકારીશ્રી દ્વારા મર્યાદિત સંખ્યામાં લોકોની હાજરીમાં લગ્ન વિગેરે સામાજીક પ્રસંગો યોજવા માટે મંજુરી આપવામાં આવે છે. જે કિસ્સામાં જિલ્લા કલેક્ટરશ્રી/પ્રાંત અધિકારીશ્રી દ્વારા કોમ્યુનીટી હોલમાં મર્યાદિત સંખ્યામાં લગ્ન પ્રસંગ યોજવા મંજુરી આપવામાં આવશે તે કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોમ્યુનીટી હોલ ઉપયોગમાં લેવાની મંજુરી આપવામાં આવશે.

આ કામે અરજદારો દ્વારા જિલ્લા કલેટરશ્રી અધિકારીશ્રીની કોમ્યુનીટી હોલમાં લગ્ન પ્રસંગ યોજવાની મંજુરી રજુ કર્યેથી રાજકોટ મહાનગરપાલિકા ના એસ્ટેટ વિભાગ માં કોમ્યુનીટી હોલનું બુકીંગ કરી આપવામાં આવશે, જેની નાગરિકોએ નોંધ લેવી.

# અલગ-અલગ બે સ્થળે ગુજરાત હાઉસિંગ બોર્ડના ભયગ્રસ્ત ક્વાર્ટરના કુલ ૧૭ નળ કનેક્શન કપાત

## ભયગ્રસ્ત ક્વાર્ટર ખાલી કરવા નોટીસ અપાયા બાદ પણ ખાલી ન થતા હાઉસિંગ બોર્ડના અનુરોધ પર મનપા અને હાઉસિંગ બોર્ડ દ્વારા થયેલ કામગીરી





રાજકોટ શહેરમાં બે સ્થળે આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર ભયગ્રસ્ત હોવાથી ત્યાં વસવાટ કરતા આસામીઓને છેલ્લા એકાદ સપ્તાહથી ભયજનક ક્વાર્ટર ખાલી કરવા અંગે લેખીત અને મૌખિક સૂચનાઓ આપવામાં આવેલ તેમજ માઈકથી પણ લોકોને ચેતવવામાં આવેલ. આગામી સમયમાં વરસાદને લીધે કોઈ જાનહાની ન થાય તે બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યા બાદ, વોર્ડ નં.૬ માં આકાશદીપ સોસાયટી હાઉસિંગ બોર્ડના વર્ષો જુના ત્રણ માળિયા ક્વાર્ટરમાં ૧૨–૧૨ ફ્લેટ વાળા એક એવા પાંચ બ્લોકના કુલ ૬૦ ફ્લેટ આવેલાં છે, જે ભયજનક જણાતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ ભયગ્રસ્ત મકાનો અંગે નોટીસો આપી લોકોને ક્વાર્ટર ખાલી કરવા સુચના આપાયેલ. દરમ્યાન તા.૧૨–૬–૨૦૨૦ ના રોજ નળ કનેક્સન કપાત કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે તેની પણ જાણ કરવામાં આવી હતી. આ જ રીતે વોર્ડ નં. ૧૭માં આનંદનગર કોલોની વિસ્તારમાં શક્તિ ચોક પાસે ગુજરાત હાઈસિંગ બોર્ડ દ્વારા બનાવાયેલા ત્રણ માળિયા ક્વાર્ટર પૈકી E-1, 2, 3 અને E-4 તથા F-7, 8, 9 એમ કુલ ૭ બ્લોક ભયજનક હોઈ મનપા અને હાઉસિંગ બોર્ડના અધિકારીઓ દ્વારા રહીસોને તાત્કાલિક અસરથી ક્વાર્ટર ખાલી કરવા અને પાણી તથા ડ્રેનેજ કનેક્શન કપાત કરવામાં આવશે તેવી માઈક દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. વોર્ડ નં.૬ માં આકાશદીપ સોસાયટી હાઉસિંગ બોર્ડના વર્ષો જુના ત્રણ માળિયા ક્વાર્ટરમાં આજે કુલ ૧૬ નળ કનેક્શન કાપવામાં આવ્યા હતા જયારે વોર્ડ નં. ૧૭માં આનંદનગર કોલોની વિસ્તારમાં શક્તિ ચોક પાસે ગુજરાત હાઈસિંગ બોર્ડ દ્વારા બનાવાયેલા ત્રણ માળિયા ક્વાર્ટરમાં એક નળ કનેક્શન કાપવામાં આવેલ.

હાઉસિંગ બોર્ડના અધિકારીશ્રી ઓ દ્વારા વીજ કનેક્શન અને ગેસ કનેક્શન કપાત કરવાની કામગીરી પણ કરવામાં આવનાર છે.

ઉપરોક્ત કામગીરી દરમ્યાન નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી તથા શ્રી બી. જી. પ્રજાપતિ, એડી. સિટી. એન્જી.શ્રી એમ. આર. કામલીયા, સિટી એન્જી.શ્રી એચ. યુ. દોઢિયા, સુરક્ષા અધિકારી ડીવાય.એસ.પી.શ્રી આર. બી. ઝાલા, ડે. એન્જી.શ્રી આર. જી. પટેલ, ડે. એન્જી. શ્રી પ્રજાપતિ, વોર્ડ ઓફીસરશ્રીઓ શ્રી ભાવેશ સોનીગરા અને શ્રી પરેશ ચાવડા, આસી. ઈજનેરશ્રી દીપેશ તેરૈયા અને શ્રી ઋષિત શાહ, શ્રી એ. એચ. પટેલ, વિજીલન્સ સ્ટાફ, ગુજરાત હાઉસિંગ બોર્ડના એસ્ટેટ ઓફિસર શ્રી કનેરિયા તથા તેમનો સ્ટાફ હાજર રહેલ હતો.









# શહેરના વિવિધ વિસ્તારોમાંથી વરસાદી પાણીનો તત્કાલ નિકાલ

## વોર્ડવાઈઝ અધિકારીઓ/કર્મચારીઓની ટીમો ખડે પગે રહી

ચોમાસાની સીઝનમાં ચાલુ વરસાદે અને વરસાદ થંભી ગયા બાદ પણ વરસાદી પાણીનો અવિરત નિકાલ થતો રહે તેવા આશય સાથે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા અપનાવાયેલી સ્ટ્રેટેજી મુજબ વરિષ્ટ અધિકારીઓ અને જે–તે વોર્ડના અધિકારીઓ / કર્મચારીઓની ટીમો દ્વારા સતત ખડે પગે રહી જે જે વિસ્તારમાં પાણી ભરાવાની ફરિયાદ આવે તેનો નિકાલ કરવા માટેની ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે છે, આજે તા.૧૪–૬–૨૦૨૦ના રોજ વરસાદ દરમ્યાન મનપાના અધિકારીઓ / કર્મચારીઓએ સતત ફિલ્ડમાં રહી વરસાદી પાણીનો નિકાલ કર્યો હતો.

જેમાં સેન્ટ્રલ ઝોનના જામનગર રોડ, વાંકાનેર સોસાયટી, વસુધા સોસાયટી, શીતલ પાર્ક મેઈન રોડ, કાશી વિશ્વનાથ, રેસકોર્ષ રીંગ રોડ, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, જામનગર રોડ ગાર્ડન પાસે, વિવેકાનંદ મેઈન રોડ, મારૂતીનગર–૧ અને ૩, જામનગર રોડ સંજરી મસ્જીદ પાસે અને કલેકટર કચેરી, નંદા હોલ પાસે, ગાયત્રી મેઈન રોડ, લક્ષ્મીનગરનું નાલુ, યાજ્ઞિક રોડ, જવાહર રોડ, ગેલેક્ષી હોટેલ પાસે, જંકશન પ્લોટના આરોગ્ય કેન્દ્ર પાસે, રેલનગર ESR ચોક, ગોંડલ રોડ, પી.ડી.એમ. કોલેજ પાસે, ગોંડલ રોડ માનસત્તા ગાર્ડન પાસે, નાગરીક બેંક ચોક પાસેના વિસ્તારોમાંથી પણ વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવેલ છે, તેમજ રેલનગર મેઈન રોડ પર ટાંચ નાખવામાં આવી હતી.

ઈસ્ટ ઝોનના મહીકા મેઈન રોડ, ભાવનગર રોડ, સીતારામ રોડ, પરસાણા સુરાપુરા રોડ, ૮૦ ફૂટ રોડ, સત્યમ પાર્ક પાસેના વિસ્તારોમાં રોડ પર પ્રશ્નોનો ગટરના ઢાંકણા ખોલી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

વેસ્ટ ઝોનના રૈયા ચોક, નાણાવટી ચોક, રૈયા ટેલીફોન એક્ષચેન્જ, ઇન્દીરા સર્કલ, સાધુવાસવાણી રોડ, ગંગોત્રી મેઈની રોડ, યુનિ. રોડ, ગોપાલ ચોક, રૈયા ગામ પાસે, વાવડી ઇન્ડ. એરિયા, મવડી વિસ્તારના એરિયા, રાધે સર્કલ, આઝાદ ચોક, નાલંદા સોસાયટી, કાલાવડ રોડ, કરણ પાર્ક મેઈન રોડ, નાનામવા ચોક પાસે, ઈમ્પીરીયલ હાઈટ્સ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર નાનામવા ચોક પાસેના વિસ્તારોમાંથી વરસાદી પાણીનો તત્કાલ નિકાલ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૭માં આવેલ આજી નદીના કાંઠે આવેલ જુના જામનગરના ઉતારો પાસે કપિલા હનુમાન મંદિરવાળા રોડ પર ભયગ્રસ્ત મકાનનો કાટમાળ પડતા ઇન્ડિયા બ્રિજથી ભીચરી નાકા સુધીનો રસ્તો બેરીકેડ મુકીને હાલ થોડા સમય માટે બંધ કરવામાં આવેલ હતો. આ ઘટનામાં કોઈને ઈજા થયેલ નથી.







# હેટ્રિક! રાજકોટને ત્રીજી વખત OPCC in WWFમાં સ્થાન

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ તથા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એક યાદીમાં જણાવે છે કે, રાજકોટ શહેરે WWF (World Wide Fund for Nature) ના One Planet City Challenge (OPCC) અંતર્ગત તા.૧૮–૦૬–૨૦૨૦ના રોજ ગ્લોબલ કક્ષાએ ફરી એક વખત નેશનલ કેપિટલ ઓફ ઈન્ડિયા ૨૦૧૯–૨૦૨૦નો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. આ અગાઉ પણ રાજકોટ શહેર વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૮માં નેશનલ કેપિટલ ઓફ ઈન્ડિયાનો એવોર્ડ મેળવી ચૂકેલ છે.

OPCC એક ઓપન પ્રતિસ્પર્ધા છે જેમાં અત્યાર સુધીમાં કુલ ૪૦૦થી વધુ શહેરોએ વોલેન્ટરીલી કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને આબોહવાની સ્થિતિ સ્પાથકતામાં વધારો કરવા માટેના ધ્યેય સાથે ભાગ લીધેલ છે. આ પ્રતિસ્પર્ધામાં વર્ષ ૨૦૧૯–૨૦૨૦ દરમ્યાન કુલ ૫૩ દેશના ૨૫૫ શહેરોએ તેમના અર્બન એરિયાના વિવિધ સેક્ટર્સ, જેમ કે એનર્જી, ટ્રાન્સપોર્ટ, હાઉસિંગ, વેસ્ટ, વોટર તથા ડ્રેનેજને લગતા વિવિધ એમ્બિશિયસ તથા ઈનોવેટિવ કલાઈમેટ એકશનને CDP તથા ICLEI દ્વારા હોસ્ટ કરેલ Global Covenant of Mayor ની યુનિફાઈડ રિપોર્ટિંગ સિસ્ટમમાં રિપોર્ટ કરેલ હતા, જેમાં ભારતમાંથી ૮ શહેર (રાજકોટ, નાગપુર, કોચી, પણજી, પુણે, ગુવાહાટી, ગંગટોક અને ઈન્દોર) એ ભાગ લીધો હતો. ત્યારબાદ ઈન્ટરનેશનલ કમિટી અને સેક્ટર નિષ્ણાતો દ્વારા દરેક શહેરના ડેટાની સમીક્ષા કરવામાં આવેલ અને દરેક દેશમાંથી એક નેશનલ કેપિટલ તથા દરેક નેશનલ કેપિટલમાંથી એક ગ્લોબલ કેપિટલ સિલેક્ટ કરવામાં આવેલ છે. ગ્લોબલ જુરી દ્વારા માર્ચ મહિનામાં ભારતના ત્રણ શહેરો કોચી, નાગપુર અને રાજકોટની નેશનલ કેપિટલ ઓફ ઈન્ડિયાના ફાઈનાલિસ્ટ તરીકે સિલેક્શન કરવામાં આવેલ, જેમાંથી રાજકોટ શહેર ફરી વખત નેશનલ કેપિટલ ઓફ ઈન્ડિયા ૨૦૧૯ બનેલ છે. રાજકોટ શહેરની સતત ત્રીજી વખત નેશનલ કેપિટલ ઓફ ઈન્ડિયા તરીકે પસંદગી થયેલ છે, જે રાજકોટ શહેર માટે ગૌરવની બાબત છે.

ઈન્ટરનેશનલ કમિટીએ રાજકોટ શહેરને તેમના કર્યો માટે પ્રસંશા આપતા જણાવ્યું હતું કે, શહેરએ મહત્વકાંક્ષી પ્રોજેક્ટસ જેવા કે એનર્જી કાર્યક્ષમતા વધારવી, પાણીની તંગીના જોખમોને ઓછું કરવું, ડ્રેનેજના ગંદા પાણીનું શુદ્ધિકરણ તથા પાણીનો ફરીથી ઉપયોગ અને પાણીના ભરાવવાને ઓછું કરવા પ્રાકૃતિક ડ્રેનેજ સોલ્યુશન્સ ને પુનર્સ્થાપિત કરવા માટેના પ્રોજેક્ટ અમલમાં મુકીને મહત્વની કાર્યવાહી કરી રહ્યું છે. રાજકોટ શહેરની રાજકીય પ્રતિબદ્ધતાની પણ ખાસ નોંધલેવામાં આવી હતી.

રાજકોટ શહેર SDC ફન્ડેડ Capacities પ્રોજેક્ટના ભાગરૂપે ક્લાઈમેટચેન્જની દિશામાં વિવિધ પ્રયત્નો કરી રહેલ છે. રાજકોટ શહેરે આ પ્રોજેક્ટ અંતર્ગત ક્લાઈમેટ રેસિલિયન્ટ સીટી એક્શન પ્લાન બનાવેલ છે જે દ્વારા રાજકોટ શહેરનો કુલ ૧૪% ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન માં ઘટાડો કરવાનો ટાર્ગેટ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત અમલ કરેલ વિવિધ ક્વિક્વિન પ્રોજેક્ટ તથા બેંકેબલ પ્રોજેક્ટ્સની પણ ગ્લોબલ જુરી દ્વારા પ્રશંસા કરવામાં આવેલ. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરના વિવિધ કલાઈમેટ રેસિલિયન્ટ એક્શનને CDP તથા ICLEI દ્વારા હોસ્ટ કરેલ Global Covenant of Mayorની યુનિફાઈડ રિપોર્ટિંગ સિસ્ટમમાં રિપોર્ટ કરવા માટે સહયોગ મળેલ છે.




# સ્ટાર સીનર્જી હોસ્પિટલ કોરોના માટે ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે જાહેર

## હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટેના ચાર્જની સીલીંગ (મહત્તમ મર્યાદા) પણ નક્કી કરાઈ

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે કોરોનાના દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં સારવારનો વધુ એક વિકલ્પ પ્રાપ્ત થાય તેવા હેતુથી તા.૧૯–૬–૨૦૨૦ના રોજ સ્ટાર સીનર્જી હોસ્પિટલ કોરોના માટે ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે જાહેર કરી હતી. સાથોસાથ આ હોસ્પિટલમાં સારવાર લેવા ઈચ્છતા કોરોનાના દર્દીઓ હોસ્પિટલના ચાજીર્સથી પણ વાકેફ રહે તે માટે કોરોનાની સારવાર માટેના ચાર્જની સીલીંગ (મહત્તમ મર્યાદા) પણ નક્કી કરવામાં આવેલ છે.

આ વિશે વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી એ એમ જણાવ્યું હતું કે, શહેરની હોસ્પિટલોમાં કેટલાક બેડ કોરોનાના દર્દીઓ માટે અનામત રાખવાને બદલે શહેરની જે તે આખી હોસ્પિટલ જ કોરોના માટે ડેઝીગ્નેટેડ થાય એ વધુ હિતાવહ અને ઈચ્છનીય ગણાય. કોરોનાના દર્દીઓ અલગ–અલગ હોસ્પિટલોમાં સારવાર લેવા જાય એના કરતા સુનિશ્ચિત કરાયેલી હોસ્પિટલોમાં જ તેઓની સારવાર થાય એ સૌ કોઈ માટે વધુ સારો વિકલ્પ જણાય છે. જે લોકો સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લેવા ઈચ્છુક ના હોય તેઓ માટે હવે સ્ટાર સીનર્જી હોસ્પિટલનો વધુ એક વિકલ્પ પ્રાપ્ત ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે. જેમાં સ્પે. ડોક્ટર અને સુપર સ્પે. ડોક્ટરની સેવા માટેના ચાજીર્સની સીલીંગ – મહત્તમ મર્યાદા પણ નક્કી કરવામાં આવેલ છે. જો રાજકોટમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે વધુ હોસ્પિટલની આવશ્યકતા જણાશે તો જે હોસ્પિટલ ડેડીકેટેડ હશે તેને કોરોના ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવશે. અહી એ ખાસ યાદ અપાવીએ કે સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર વિનામૂલ્યે જ કરવામાં આવી રહી છે.

સ્ટાર સિનર્જી હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટે નક્કી કરવામાં આવેલ ચાજીર્સ નીચે મુજબ છે.

| ક્રમ | ઝોન | હોસ્પિટલનું નામ | ઉપલબ્ધ બેડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ | સ્ટાર સિનર્જી હોસ્પિટલ-રાજકોટ (જૂની સહયોગ હોસ્પિટલ) (મવડી મેઈન રોડ) | કુલ - 45<br>Census Beds - 40<br>Non Census Beds - 5 |

| જનરલ વોર્ડ | HDU (Ward+ Monitor+ Oxygen) | આઈસોલેશન વોર્ડ | વેન્ટીલેશન+ આઈસોલેશન+ ICU | બેડની સંખ્યા |
|---|---|---|---|---|
| રૂ.૮,૪૦૦ Per Day | રૂ.૧૧,૫૦૦ Per Day | રૂ.૧૭,૮૦૦ Per Day | રૂ.૨૧,૫૦૦ Per Day | કુલ – ૪૫ (Census Beds & Non Census Beds) |

– આ ચાજીર્સમાં તમામ કરવેરા સામેલ છે.
– હેલ્થ ઈન્સ્યુરન્સ પોલીસી ધરાવતા દર્દીઓ માટે પણ આ ચાર્જ લાગુ પડે છે.



# ૨૧ જુન ૨૦૨૦ના રોજ વિશ્વ યોગ દિન



## ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા યોજાનાર યોગ એટ હોમ, યોગ વિથ ફેમીલી અંતર્ગત ઘરેથી પરિવાર સાથે લાઈવ જોડાઈ. યોગ કરીએ, સ્વસ્થ રહીએ અને કોરોનાને હરાવીએ.

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીન––ભાઈ ઠાકર, એક સયુંકત યાદીમાં જણાવે છે કે, ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સયુંકત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભાને સંબોધતી વખતે માન. પ્રધાનમંત્રીશ્રીએ વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરતા તા.૧૧ ડીસેમ્બર ૨૦૧૪ના રોજ સયુંકત રાષ્ટ્ર સામાન્ય સભાએ દરખાસ્તને સંમતિ આથી ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે સ્થાપિત કરવા કરવામાં આવેલ ઠરાવ અનુસંધાને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ ઉજવવામાં આવે છે. જે ભારત માટે અત્યંત ગૌરવની વાત છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ દર વર્ષે વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે કોરોના મહામારીને કારણે જાહેર સ્થળોએ યોગા યોજી શકાય તેમ નથી જેથી રાજ્ય સરકાર દ્વારા આંતરરષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૧ જુન ૨૦૨૦, રવિવાર એ સવારે ૦૭:૦૦ કલાકે દુરદર્શન ગીરનાર (ડી.ડી. ગીરનાર) ટેલીવિઝન તથા ગુજરાત બોર્ડના ઓફિશિયલ ફેસબુક પેઈઝના માધ્યમ થી રાજયના તમામ નાગરિકો યોગમાં જોડાય તેવા આહવાન સાથે આયોજન કરેલ છે.

રાજ્ય સરકારના યોગ ઉજવણીના આયોજનમાં રાજકોટ શહેરના તમામ નગરજનો સવારે ૦૭:૦૦ કલાકે પોતાના ઘરેથી દુરદર્શન ગીરનાર (ડી.ડી. ગીરનાર) ટેલીવિઝન તથા ગુજરાત બોર્ડના ઓફિશિયલ ફેસબુક પેઈઝના માધ્યમથી યોગમાં જોડાવા અપીલ કરવામાં આવે છે. યોગ કરીએ, કોરોનાને હરાવીએ. જીવનમાં કાયમ માટે યોગ અપનાવી સ્વસ્થ રહીએ. ફરીને ૨૧ જુન વિશ્વ યોગા દિને સૌના ઘરેથી પરિવાર સાથે જોડાઈએ તેવી અપીલ કરેલ હતી.

# રાજકોટ સ્માર્ટ સિટી દર શુક્રવારે જાહેર થતા રેન્કિંગમાં રાજકોટ સમગ્ર ભારતનાં ૧૫માં ક્રમે

ભારત સરકારશ્રી દ્વારા સ્માર્ટ સિટીમાં રાજકોટ શહેરની પસંદગી કરેલ હોય, સ્માર્ટ સીટી પ્રોજેક્ટને વિના વિલંબે ત્વરીત અમલમાં મુકી શકાય તે માટે Special Purpose Vehicle(SPV)ની રચના તાત્કાલિક કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂરી પ્રક્રિયા કરી સરકારશ્રી દ્વારા તા.૨૧–૮–૨૦૧૭નાં રોજ મંજુર કરીને, રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.(RSCDL) ને લીમીટેડ કંપની તરીકે રજીસ્ટર/ઈનકોર્પોરેશન જાહેર કરવામાં આવેલ. સ્માર્ટ સીટી અંતર્ગતના તમામ પ્રોજેકટનું અમલીકરણ રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.(RSCDL) દ્વારા કરવામાં આવે છે. (MoHUA) દ્વારા દર શુક્રવારે કરવામાં આવતા રેન્કીંગમાં ૧લી એપ્રિલ–૨૦૨૦ ના રોજ રાજકોટ સ્માર્ટ સીટી સમગ્ર ભારતનાં ૧૦૦ સ્માર્ટ સીટીઓમાં ૧૫માં ક્રમે આવ્યું હતું, અને ૨૯, મે–૨૦૨૦ના સુધીના રેન્કિંગમાં આ ક્રમ જળવાઈ રહ્યો હતો. ૨૦૧૭માં રાજકોટ ૫૦માં રેન્કે હતું.

રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. મારફત કુલ ૯૩૦ એકરમાં માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જેમા ટી.પી. સ્કીમ – ૩૨ રૈયા તૈયાર કરી સરકારશ્રી મારફત મુસદ્દારૂપ યોજના મંજુરી મળેલ છે. આ કારણે રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.ને ૧૮ મીટર થી ૬૦ મીટર સુધીનાં કુલ ૨૧ કી.મી.નાં રસ્તાઓનાં કબજા મળેલ છે તેમજ માસ્ટર પ્લાન ઈન્ડીયા ગ્રીન બીલ્ડીંગ કાઉન્સીંલ (IGBC) મારફત ઓગષ્ટ ૨૦૧૯માં રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા તૈયાર કરવામાં આવેલ માસ્ટર પ્લાન IGBC ગ્રીન સીટીઝ રેટીંગ સીસ્ટમની માર્ગદર્શિકા મુજબ ગ્રીન સીટી સર્ટીફિકેશન મુજબ માસ્ટર પ્લાન તૈયાર થયેલ હોવા અંગેનું સર્ટીફિકેટ મળેલ છે.

હાલમાં, રાજકોટ સ્માર્ટ સીટી સમગ્ર ભારતનાં ૧૦૦ સ્માર્ટ સીટીઓમાં ૧૫માં ક્રમે છે. મિનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા દર શુક્રવારે રેન્કીંગ રીલીઝ કરવામાં આવે છે. રાજકોટ શહેર ૨૦૧૭માં ૫૦માં રેન્કે હતું, જે હાલમાં ૧૫માં રેન્કમાં પહોંચી ગયુ છે. (MoHUA) દ્વારા રેન્કીંગમાં જુદા જુદા માપદંડોનું વર્ગીકરણ કરીને આપવામાં આવે છે જેવા કે કન્વર––જન્સ તથા સ્માર્ટ સીટી મિશનનાં ફંડ્સ થી પૂર્ણ કરેલ કામો, ટેન્ડર ઈસ્યુ કરેલ કામો, વર્ક ઓર્ડર ઈસ્યુ કરેલ કામો તથા SPV દ્વારા યુટીલાઈઝ કરેલ ફંડસ, સીટી લેવલ એડવાઈઝરી ફોરમની યોજાયેલ મીટીંગો વિગેરે દ્વારા રેન્કનું મુલ્યાકન કરવામાં આવે છે. આમ રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા સતત સારી કામગીરી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ તથા ચેરમેનશ્રી (RSCDL) નાં માર્ગદર્શન મુજબ કરી ૧૦૦ સ્માર્ટ સીટીઝમાં ૧૫મો ક્રમ મેળવેલ છે.

વધુમાં, વર્ષઃ૨૦૧૯–૨૦૨૦માં રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા ઈન્ડિયાઝ સ્માર્ટ સિટીઝ એવોર્ડ કોન્ટેસ્ટ સ્માર્ટ સિટીઝ મિશન હેઠળ, મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ અને અર્બન અફેર્સ, ભારત સરકારશ્રી દ્વારા રાજકોટ સ્માર્ટ સીટીની સ્માર્ટ સીટી મિશન રાઉન્ડ – ૩ અંતર્ગત પસંદગી પામેલ સ્માર્ટ સીટીઝમાંથી બેસ્ટ પેર્ફોમિંગ એવોર્ડ કેટેગીરીમાં એટલે કે કેટેગીરી–૩ઃ સીટી એવોર્ડમાં પસંદગી પામેલ છે.



## નવી ભળેલ ગ્રામ પંચાયતોનું રેકર્ડ, મિલકત, વાહનો-સાધનો કબજે લેવા નોડલ ઓફિસરો નિયુક્ત મારતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની હદમાં તા.૨૨–૬–૨૦૨૦ના રોજ ૦૪ ગ્રામ પંચાયત વિસ્તાર (૧) મોટા મવા, (૨) મુંજકા, (૩) ઘંટેશ્વર અને (૪) માધાપર (મનહરપુર–૧ સહીત) નો સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રામ પંચાયતના તમામ રેકર્ડ, તમામ સ્થાવર જંગમ મિલકતો, તમામ વાહનો–સાધનોનો કબજો સંભાળવા માટે ગ્રામ પંચાયત દીઠ નોડલ ઓફિસરશ્રીની નિમણુંક કરવાનો મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે હુકમ કરેલ છે. જેના પગલે અધિકારીઓએ જરૂરી કાર્યવાહી શરૂ કરેલ છે.

| ક્રમ | અધિકારીનું નામ | હોદ્દો | ફાળવેલ ગ્રામ પંચાયત |
|---|---|---|---|
| ૧ | શ્રી એચ. આર. પટેલ<br>શ્રી નીરજ વ્યાસ | સહાયક કમિશનર<br>આસી. મેનેજર | મોટા મવા |
| ૨ | શ્રી એસ. જે. ધડુક<br>શ્રી વિવેક આર. મહેતા | ઈ.ચા. સહાયક કમિશનર<br>આસી. મેનેજર | મુંજકા |
| ૩ | શ્રી એચ. કે. કગથરા<br>શ્રી રાજીવ એમ. ગામેતી | સહાયક કમિશનર<br>આસી. મેનેજર | ઘંટેશ્વર |
| ૪ | શ્રી વી.એસ.પ્રજાપતિ<br>શ્રી મયુર ડી. ખીમસુરીયા | ઈ.ચા. સહાયક કમિશનર<br>આસી. મેનેજર | માધાપર<br>(મનહરપુર–૧ સહીત) |



# શહેરી શેરી ફેરીયાઓ માટે PM SVANIDHI (PM Street Vendors AtmaNirbhar Nidhi) યોજનાના લાભ અંગે




કેન્દ્ર સરકારશ્રી દ્વારા PM SVANIDHI (PM Street Vendors AtmaNirbhar Nidhi) યોજના મારફત કોરોના વાયરસથી અસરગ્રસ્ત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર માન. વડાપ્રધાનશ્રી દ્વારા આ યોજના જાહેર કરવામાં આવેલ છે. તેમનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી રૂા.૧૦,૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન બેંકો મારફત મળવા પાત્ર થશે. આ યોજનાનો રાજકોટ શહેરનાં મહત્તમ શેરી ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૨૪–૬–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન ખાતે શહેરની અગ્રગણ્ય બેંકોનાં પ્રતિનિધિ––શ્રીઓની ઉપસ્થિતિમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના આદેશથી નાયબ કમિશનરશ્રી સી. કે. નંદાણીના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજવામાં આવેલ હતી.

આ મીટીંગમાં શહેરનાં સમગ્ર શેરી ફેરિયાઓનાં અંદાજે ૨૦૦થી વધુ પ્રતિનિધિશ્રીઓ હાજર રહેલ હતા. આ બેઠકનાં પ્રારંભે PM SVANIDHI (PM Street Vendors AtmaNirbhar Nidhi) યોજનાની સરળ માહિતી ફેરિયાઓને મળી રહે તે માટે વિડીયો ક્લીપ દ્વારા માહિતગાર કરવામાં આવેલ હતા.

જ્યારે નાયબ કમિશનરશ્રી સી. કે. નંદાણી દ્વારા ઉપસ્થિત SIDBI, ચીફ મેનેજર લીડ બેંક તથા ઉપસ્થિત અન્ય બેંકનાં કંટ્રોલરો સાથે યોજનાની અમલવારી સંદર્ભેસ વિસ્તાર ચર્ચા કરી ફેરિયાઓના પ્રશ્નોની જાણકારી મેળવી આ યોજનાનો લાભ તમામ ફેરિયાઓને સરળતાથી મળી રહે તે માટે માર્ગર્શન પૂરૂ પાડવામાં આવેલ હતું. ત્યારબાદ સહાયક કમિશનરશ્રી એચ. આર. પટેલ દ્વારા આયોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

આ યોજના અંતર્ગત તમામ શેરી ફેરીયાઓને મહત્તમ વર્કિંગ કેપિટલ લોન રૂા.૧૦,૦૦૦ સુધી વાર્ષિક ૭% વ્યાજ સહાયથી ઉપલબ્ધ બનશે. સમયસર કે વહેલા લોનની ભરપાઈ પર DBT મારફત બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

આ યોજનામાં રાજકોટ શહેરમાં શહેર બહારથી અને ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરમાં ફેરી કરવા આવનાર અને ૨૪ માર્ચ ૨૦૨૦ પહેલા ફેરીની પ્રવૃત્તિ કરતા તમામ શેરી ફેરિયાઓને આવરી લેવામાં આવશે.

વિશેષમાં ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન મળી રહે તે માટે શેરી ફેરિયાઓ દ્વારા BHIM UPI, PayTm, PhonePe, GooglePay, BharatPay, AmazonPay દ્વારા પેમેન્ટ કરવામાં આવે તો મહત્તમ રૂા.૧૦૦નું કેશ બેક આપવામાં આવશે.

આ મીટીંગમાં SBI, લીડ બેંક, કાલુપુર કોમર્શિયલ બેંક, પંજાબ નેશનલ બેંક, CIDBI ઇક્વીટા સ્મોલ બેંક, HDFC બેંક, બંધન બેંક, સીટી યુનિયન બેંક, ICICI બેંક, ફાઈનાન્સર સ્મોલ ફાઈનાન્સ બેંક, એક્સિક બેંક, આંધ્રા બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઉજ્જીવલ સ્મોલ ફાઈનાન્સ બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક, કર્ણાટકા બેંક, બેંક ઓફ ઈન્ડિયા, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, બેંક ઓફ બરોડા, સૂર્યોદય સ્મોલ ફાઈનાન્સ બેંક, DCB બેંક, કેનેરા બેંક, જન સ્મોલ ફાઈનાન્સ બેંક, યુનિયન બેંક, ઇન્ડુઝ ઈન્ડ બેંકના પ્રતિનિધિશ્રીઓ હાજર રહેલ હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા પ્રોજેક્ટ શાખાના આસિ. મેનેજરશ્રી ભૂમિબેન એચ. પરમારનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ શાખાના સીનીયર સમાજ સંગઠકશ્રીઓ, NULM મેનેજરશ્રીઓ તથા NULM સમાજ સંગઠકોએ જહેમત ઉઠાવી હતી.



# વાવડી વિસ્તારમાં આશરે ૪૦ વર્ષ જુનો ભયગ્રસ્ત હાલતમાં રહેલ પાણીનો ટાંકો મહાનગરપાલિકા દ્વારા પાડવામાં આવ્યો

રાજકોટ શહેરમાં વોર્ડ નંબર. ૧૨ ના વાવડી વિસ્તારમાં આશરે ૪૦ વર્ષ જુનો પાણીનો ટાંકો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૫–૬–૨૦૨૦ ના રોજ પાડવામાં આવ્યો હતો. આ ઇ.એસ.આર પાણીનો ટાંકો અતિશય ભયગ્રસ્ત હાલતમાં હોવાથી મનપા દ્વારા જે.સી.બી. ની મદદથી પાડવામાં આવ્યો હતો.

આ ટાંકો જે તે સમયે તાલુકા પંચાયત દ્વારા બનાવવામાં આવ્યો હતો અને હાલ આ ટાંકો પાણી પુરવઠા બોર્ડ હસ્તક આવે છે. આ ટાંકો ૨૦૦૦૦ થી ૨૫૦૦૦ લીટર પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે. આસપાસ ––ના રહેવાસીઓ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને જાણ કર્યા બાદ મનપાની ટીમ સાઈટ વિઝીટ માટે ગયેલ ત્યારબાદ ખરેખર ટાંકાની હાલત ભયગ્રસ્ત હોવાનું જણાયું હતું. ભવિષ્યમાં કોઈ અકસ્માત ન થાય તે બાબતની અગમચેતી રાખી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે જ આ ટાંકાને દુર કરવામાં આવ્યો હતો.

# સરકારશ્રીના આત્મનિર્ભર પેકેજ હેઠળ મનપા દ્વારા વાણિજ્યિક એકમોને પ્રોપર્ટીટેક્સમાં ૨૦ ટકા રાહત

કોરોનાની મહામારીની સ્થિતિમાં રાજ્યના નાગરિકોને આર્થિક મદદ કરવાના હેતુથી 'ગુજરાત આત્મનિર્ભર પેકેજ' જાહેર કરવામાં આવેલ છે જેમાં પ્રોપર્ટી ટેક્સ સહિતની બાબતો આવરી લેવામાં આવેલ છે. જે અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વાણિજ્યિક એકમોને વર્ષ ૨૦૨૦–૨૦૨૧ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમાં ૨૦ ટકાની માફી આપવામાં આવશે. જેમાં આ યોજના હેઠળ વાણિજ્યિક એકમોને સરકારશ્રીના ઠરાવ અંતર્ગત તા.૩૧–૮–૨૦૨૦ સુધી પ્રોપર્ટી ટેક્સમાં ૨૦ ટકા માફીનો લાભ આપવામાં આવશે, તેમ માન. મેયર શ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ અને મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જાહેર કરેલ છે. વિશેષમાં તેઓએ જણાવ્યું હતું કે, જે વાણિજ્યિક મિલકતદારોએ વર્ષ ૨૦૨૦–૨૦૨૧ના વાર્ષિક વાણિજ્યિક પ્રોપર્ટી ટેક્સ ચૂકવી આપેલ છે તેવા મિલકતદારોને ૨૦ ટકા રકમ મજરે આપવામાં આવશે. આવા મિલકતદારોએ વળતરની રકમ માટે અલગથી કોઈ અરજી કરવાની આવશ્યકતા રહેતી નથી, મહાનગરપાલિકા દ્વારા તેઓને આ રકમ મજરે આપશે.